**વડોદરા જીલ્લાની મજુર અદાલતના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ, મુ. વડોદરા.**

**રેફ.(એલસીવી) નં. ૨૮૨/૨૦૧૦**

**પ્રથમ પક્ષકાર :** (૧) ગ્લોબ ડીટેકટીવ એજન્સી (પ્રા) લી.
C/o, લીન્ક ફાર્મા કેમ લી.
૧૬૩–૧૬૪, જી.આઈ.ડી.સ
મુ.પો. નંદેસરી, તા. જી. વડોદરા.

(૨) મેનેજર/શેઠ
લીન્ક ફાર્મા કેમ લી.
૧૬૩–૧૬૪, જી.આઈ.ડી.સી.
મુ.પો. નંદેસરી, તા. જી. વડોદરા.

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકાર :** માવજીભાઈ ઉકાભાઈ ચાવડા
રહે. પીપળાવાળું ફળીયું, મુ.પો. ઉંડેરા, તા.જી. વડોદરા.
C/o, અખિલ ગુજરાત જનરલ મઝદુર સંઘ,
બીજો માળ, અરબ ચેમ્બર્સ, પેટ્રોલપંપની સામે,
પથ્થરકુવા, રીલીફ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧.

**હાજર રહયા :**
પ્રથમ પક્ષકાર તરફે : ગેરહાજર
બીજા પક્ષકાર તરફે : વિદવાન પ્રતિનિધિશ્રી આઈ.વી.કાઝી

**:: એ વો ર્ડ ::**

(૧) આ કામના બીજા પક્ષકાર (કે જેનો હવે પછી હુકમમાં સરળતા ખાતર ''શ્રમયોગી'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) આ કામના પ્રથમ પક્ષકાર નં. ૧ તથા (કે જેનો હવે પછી હુકમમાં સરળતા ખાતર ''સંસ્થા'' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) પ્રથમ પક્ષકાર સામે કમિશનર સમક્ષ કરેલા વિવાદ સંબંધે મદદનીશ આયુકતશ્રીએ ઔદ્યોગિક તકરાર અધિનિયમની કલમ–૧૦(૧) અન્વયે તા. ૭/૪/૨૦૧૦ થી ન્યાયનિર્ણય થવા માટે હાલનો રેફરન્સ અત્રેની કોર્ટને મોકલવામાં આવેલ છે.

(૨) આ કામે નોટીસ ઈશ્યુ કરતા બન્ને પક્ષકારોને નોટીસની બજવણી થયેલ છે, જે આ કામે આંક–૩, ૪ અને ૫ થી રજૂ છે. શ્રમયોગીએ યુનિયન મારફત હાજર થઈ માંગણાનું નિવેદન રજૂ કરેલ છે. જે આંક–૭ થી રજૂ છે. પ્રથમ પક્ષકારે આંક–૮ થી પુરસીસ રજૂ કરેલ છે કે તેઓ શ્રમયોગીને ઈચ્છે ત્યારથી નોકરી ઉપર લેવા તૈયાર છે. આ સિવાય કોઈ પુરાવો સંસ્થાએ રજૂ કરેલ નથી.

(૩) આ કામે શ્રમયોગીએ તેમના માંગણાના નિવેદનમાં જણાવેલ છે કે, તેઓ પ્રથમ પક્ષકાર નં. ૧ ના કોન્ટ્રાકટ હેઠળ સામાવાળા નં. ૨ સંસ્થામાં તા. ૩/૧/૧૯૯૦ થી દાખલ થયેલા અને તમામ વર્ષોમાં ૨૪૦ દિવસ ઉપરાંત ફરજો બજાવેલ છે. તેઓએ જણાવેલ છે કે અમોને ઓળખપત્ર, હાજરી કાર્ડ, હકક રજા કાર્ડ, પગાર સ્લીપ, ઓવરટાઈમ વગેરેના પુરાવાઓ આપવામાં આવેલ ન હતા. શ્રમયોગીએ વધુમાં જણાવેલ છે કે, તેમનો માસિક પગાર રૂા. ૪,૦૦૦/– (અંકે રૂપિયા ચાર હાજર પુરા) હતો. શ્રમયોગીએ વધુમાં જણાવેલ છે કે, સંસ્થાએ કોઈપણ પ્રકારની નોટીસ વિના મૌખિક હુકમથી તા. ૮/૧૧/૨૦૦૮ ના રોજથી છુટા કરેલ છે. શ્રમયોગીએ વધુમાં જણાવેલ છે કે, છુટા કરતા અગાઉ કોઈપણ જાતની નોટીસ પગાર કે કોઈપણ જાતના હકકો ચૂકવ્યા વગર આઈ.ડી.એકટના સિધ્ધાંતો વિરૂધ્ધ તથા અનફેર લેબર પ્રેકટીસ આચરી અમોને છુટા કરેલ છે. આથી શ્રમયોગીએ સંસ્થા પાસેથી તા.૮/૧૧/૨૦૦૮ થી પડેલા દિવસોના પૂરેપુરા પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવા અંગે રજૂઆત કરેલ છે. વધુમાં ખર્ચ પેટે રૂા. ૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) ની પણ માંગણી કરેલ છે.

(૪) આ કામે સંસ્થાના જવાબનો હકક આંક–૧૨ ના હુકમથી બંધ કરવામાં આવેલ છે. શ્રમયોગીએ આંક–૧૩ થી સોગંદ ઉપર જુબાની રજૂ કરેલ છે, જેની ઉલટ તપાસ સામાવાળાને પુરતી તકો આપવા છતાં કરેલ નથી. આથી સંસ્થાનો ઉલટ તપાસનો હકક આંક–૧૪ ના હુકમથી બંધ થયેલ છે. આંક–૧૫ થી શ્રમયોગીએ કલોઝીંગ પુરસીસ આપેલ છે તેમજ આંક–૧૬ થી સંસ્થાનો પુરાવાનો હકક બંધ થયેલ છે.

(૫) આ કામે યુનિયન પ્રતિનિધિશ્રી સંઘરિયાતે મૌખિક દલીલોમાં જણાવેલ છે કે, સંસ્થાએ શ્રમયોગીને અનફેર લેબર પ્રેકટીસ આચરી અને ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫ (એફ) નો ભંગ કરી છુટા કરેલ છે, જે સંસ્થાનું પગલું ગેરકાયદેસર અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધનું હોઈ, શ્રમયોગીને પૂરેપુરા પડેલા દિવસોના પગાર સાથે પુનઃ સ્થાપિત કરતો હુકમ કરવા માટે દલીલો કરેલ છે. સંસ્થા વતી દલીલોના તબકકે પણ કોઈ હાજર રહેલા નથી. આથી સંસ્થાનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૬) હાલના રેફરન્સના કામે કેસના સંજોગો અને સાધનિક કાગળો જોતાં ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫(એફ) મુજબ શ્રમયોગીએ ૨૪૦ દિવસની ફરજ બજાવેલ છે તેવી હકીકત માંગણાના નિવેદનમાં તેમજ શ્રમયોગીની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે. આ હકીકતોનું ખંડન સંસ્થાએ જવાબ રજૂ કરી કે શ્રમયોગીની ઉલટ તપાસ કરી કરેલ નથી. આથી શ્રમયોગી ૨૪૦ દિવસ ઉપરાંત ફરજો બજાવતા હતા એવું અત્રેની કોર્ટનું માનવું છે. શ્રમયોગીને સંસ્થાએ તા.૮/૧૧/૨૦૦૮ થી છુટા કરેલ છે, જે અંગે કોઈ નોટીસ, નોટીસ પગાર કે અન્ય કોઈપણ હકકો ચૂકવેલા નથી કે ખાતાકીય તપાસ પણ કરેલ નથી. જે હકીકતોનું ખંડન પણ સંસ્થા ધ્વારા થયેલ નથી. આથી આ હકીકત માનવાને કોઈ કારણ નથી કે શ્રમયોગીને સંસ્થાએ અનફેર લેબર પ્રેકટીસ આચરી ગેરકાયદેસર રીતે મૌખિક હુકમથી છુટા કરેલ છે. શ્રમયોગીએ પોતાના માંગણાના નિવેદનમાં જણાવેલ છે કે, શ્રમયોગીએ નોકરી અંગેના ઘણા પ્રયત્નો કરેલ છે, પરંતુ અન્ય જગ્યાએ કામ મળેલ નથી. જે હકીકત શ્રમયોગીએ પોતાના માંગણાના નિવેદનમાં પણ જણાવેલ છે. આ કામે શ્રમયોગી સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હતા તે સંજોગો ધ્યાને લેતાં ૨૦૦૮ થી આજદિન સુધી કોઈ અન્ય સ્થળે શ્રમયોગીને કામ મળે નહિં એવું સ્વીકારવા અત્રેની કોર્ટ સંમત નથી.

(૭) આમ ઉપરોક્ત દર્શાવેલા કારણો મુજબ અત્રેની કોર્ટનું એવું માનવું છે કે, શ્રમયોગી કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધ સંસ્થાએ ગેરકાયદેસર રીતે અનફેર લેબર પ્રેકટીસ આચરી ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨૫ (એફ) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરેલ છે. હાલના કેસમાં અરજદારની નિમણુંક તા. ૩/૧/૧૯૯૦ છે અને અરજદારને નોકરી ઉપરથી છુટા તા. ૮/૧૧/૨૦૦૮ ના રોજથી કરેલ છે. વધુમાં આ કામે સંસ્થા તરફે આંક–૮ થી શ્રમયોગીને નોકરી પર લેવા તૈયાર છે, તેવી પુરસીસ રજૂ કરેલ છે. આમ નોકરીનો સમયગાળો જોતાં અરજદારને પુનઃ સ્થાપિત કરવાનો હુકમ કરવો યોગ્ય અને ન્યાયોચિત જણાઈ આવે છે.

(૮) પડેલા દિવસોના પગાર અંગે શ્રમયોગીએ સિકયુરીટી ગાર્ડ તરીકે નોકરી મેળવવા અંગે કોઈ અરજી કરી હોય કે પ્રયત્નો કરેલા હોય, એવું હાલના કામે રેકર્ડ જોતાં જણાઈ આવતું નથી. આથી નોકરીનો પ્રકાર અને કેસના સંજોગો ધ્યાને લેતાં શ્રમયોગીને પડેલા દિવસોના પગારના ૩૦ % પગાર સહીત નોકરીમાં પુનઃ સ્થાપિત થાય તે યોગ્ય અને ન્યાયિક જણાશે. આમ ઉપરોકત ચર્ચા તેમજ કેસના સંજોગો ધ્યાને લેતાં નીચે મુજબ ન્યાયના હિતમાં હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) શ્રમયોગીને તા. ૮/૧૧/૨૦૦૮ ના રોજ મૌખિક હુકમથી છુટા કર્યા અંગેનું કૃત્ય ગેરકાયદેસર અને ગેરવ્યાજબી ઠરાવવામાં આવે છે.

(૨) સંસ્થાએ આ કામના શ્રમયોગીને તા. ૮/૧૧/૨૦૦૮ થી પડેલા દિવસોનો ૩૦ % પગાર સહીત મૂળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવો.

(૩) રેફરન્સનો ખર્ચ સંસ્થાએ શ્રમયોગીને રૂા. ૨૫૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસો પુરા) અલગથી ચૂકવી આપવો.

તા. ૩૦/૦૧/૨૦૧૬.
વડોદરા.
ટી.એચ.પટેલ, પી.એ.

(અલ્પેશકુમાર ગણપતભાઈ ડોડીયા)
પ્રિસાઈડીંગ ઓફીસર
જીજે ૦૧૨૯૩
મજુર અદાલત નં. ૪, વડોદરા.